Date :- 16-09-2024
Divya Bhaskar, Page-18, Surat

### જીએમડીસી ખાતે વડાપ્રધાનનો સન્માન સમારોહ યોજાશે

# મોદી 8 હજાર કરોડથી વધુનાં કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરશે

ઈન્ફ્રા રિપોર્ટર | અમદાવાદ

લોકસભાની ચૂંટણીમાં જીત મળ્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલીવાર ગુજરાતની મુલાકાતે છે. જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આજે બપોરે તેમનો સન્માન સમારોહ યોજાશે. આ કાર્યક્રમમાં મોદી ઔડા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજે 8 હજાર કરોડથી વધુના કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરશે.

કાર્યક્રમ માટે 4 વોટર પ્રૂફ ડોમ બનાવવામાં આવ્યા છે. જેમાં કલસ્ટર દીઠ એથી ડી સુધી 16 એટલે કે કુલ 64 બ્લોક બનાવાયા છે. એક બ્લોકમાં અંદાજે 1 હજારથી 1200 લોકો બેસી શકશે. આ કાર્યક્રમમાં અંદાજે 1 લાખ લોકો આવશે. લોકોને લાવવા લઈ જવા માટે એએમટીએસની 750 અને એસટીની 1800થી વધુ બસો ફાળવવામાં આવી છે.

મ્યુનિ. દ્વારા 15 સ્થળે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં 690 કાર અને 1836 બસોની ક્ષમતા છે. અન્ય શહેરોમાંથી આવતા લોકોને બપોરે 12 અને શહેરના લોકોને બપોરે 2 વાગ્યા સુધી ગ્રાઉન્ડ પર પહોંચી જવાની સૂચના આપવામાં આવી છે. જ્યારે લોકો માટે 60થી 70 એલઈડી લગાવાયા છે.

કાર્યક્રમને પગલે વસ્ત્રાપુર આસપાસના રોડ સવારે 10થી વાહનચાલકો માટે બંધ રહેશે. જેથી વાહનચાલકોએ વૈકલ્પિક રોડનો ઉપયોગ કરવાનો રહેશે.



વડાપ્રધાનના કાર્યક્રમ માટે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## પીએમ મોદીના 16 અને 17 સપ્ટેમ્બરના કાર્યક્રમો

- સવારે 10થી11-30 મહાત્મા મંદિર ગ્લોબલ રી-ઇનવેસ્ટ રિન્યુ. એનર્જી ઇન્વે.એક્સ્પો-2024
- બપોરે 1-30થી 3-00 ગાંધીનગર સેકટર-1 મેટ્રોનું ઉદ્દઘાટન અને ગિફ્ટ સિટી સુધી સફર
- બપોરે 3-30થી 5-00 ભૂમિપૂજન 8 હજાર કરોડથી વધુની વિકાસ યોજનાઓનો શિલાન્યાસ
- સાંજે 5-30 કલાકે રાજભવન પહોંચશે અને રાત્રિ રોકાણ કરશે
- 17 સપ્ટેમ્બર સવારે 9-30 કલાકે અમદાવાદ એરપોર્ટથી ભુવનેશ્વર જવા રવાના થશે